e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 148
June 20, 2008

## સોમેશ્વરા, એન્કલેવ સોસાયટીના રહીશોની ફરીયાદ દુર કરવા મહાનગરપાલિકા અને સુડા નો પ્રયાસ

વેસુ ટી.પી.૧ માં સુરત મહાનગરપાલિકા દ્વારા ર મીટર ડાયાના પાણીના પાઈપો નાંખી વરસાદી પાણીના નિકાલની કામગીરી કરવામાં આવેલ છે. આ લાઈન હયાત રસ્તાની મધ્યમાંથી પસાર કરી, ટ્રેન્ચ રી–ફીલીંગ કરી તથા વેટરીંગ કરી રોડ બનાવવાની કામગીરી કરતાં, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન ( કતારગામ ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ પ્રીલીમનરી ટી. પી. સ્કીમ નં.૨૫ (સીંગણપોર – ટુંકી) ફા. પ્લોટ નં.૩૦, તથા રે. સ. નં.૧૫૦ વાળી જગ્યામાં સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરવામાં આવેલ નંદનવન સોસાયટીમાં હઈફઈ.ઈ વાળા ભાગમાં પ્લોટ નં.૧૪૭ના મિલકતદાર દ્વારા કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) માં ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૩૪ (મગોબ–ડુંભાલ) માં રીઝર્વેશન પ્લોટ તેમજ સી.ઓ.પી.માં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ ડીમોલીશન

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) ના ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૩૪ (મગોબ–ડુંભાલ) માં રીઝર્વેશન પ્લોટ નં. આર/૧૫ સેલેબલ કોર્મશીયલ હેતુ માટેના અનામત પ્લોટમાં શ્રી ભીખાભાઈ બાબુભાઈ લીંબાચીયા દ્વારા આશરે ૧૪' × ૩૬' એટલે કે કુલ –૫૦૪ ચો. ફુટના માપ વિસ્તારમાં આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ સહિતનું ચણતરની દિવાલો સહિતનું ગ્રાઉન્ડ ફલોરનું કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ જમીન દોસ્ત કરવામાં આવેલ તથા સદર પ્લોટમાં આવેલ ઝુંપડાઓ દુર કરી રીઝર્વેશન પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની યોજાયેલ મીટીંગ



વાવાઝોડા, ભારે વરસાદ, પૂર અને અન્ય કુદરતી તેમજ માનવ સર્જીત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/ સહાયકાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા /સહાય પૂરી પાડશે તે સુનિશ્ચીત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર તા.૧૭/૦૬/૨૦૦૮ મંગળવારના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે ગાંધીસ્મૃતિ ભવન ખાતે રાખવામાં આવેલ મીટીંગના આરંભે ડે.કમિશનર(સ્પે.) શ્રી દ્વારા ઉપસ્થિત તમામનું સ્વાગત કરી મીટીંગના આયોજનના હેતુની રૂપરેખા આપવામાં આવી.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન ( કતારગામ ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ પ્રીલીમનરી ટી. પી. સ્કીમ નં.૨૫ (સીંગણપોર – ટુંકી) ફા. પ્લોટ નં.૩૦, તથા રે. સ. નં.૧૫૦ વાળી જગ્યામાં સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરવામાં આવેલ નંદનવન સોસાયટીમાં હઈફઈ.ઈ વાળા ભાગમાં પ્લોટ નં.૧૪૭ તથા ૧૪૮ ના મિલકતદાર દ્વારા કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નિરોગી બાળ વર્ષ

બાળકના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારનું આરોગ્ય વિભાગ તથા સુરત મહાનગરપાલિકા સતત ચિંતીત છે. તમામ તમામ બાળક નિરોગી રહે, સલામત રહે, ઈચ્છીત અને તંદુરસ્ત બાળ જન્મ થાય, તમામને મહત્તમ પોષણ મળે, માંદગીની અટકાયત અને આરોગ્યપ્રદ સારવાર મળે, બાળકોને આરોગ્યપ્રદ વાતાવરણ મળે તે માટે વર્ષ ૨૦૦૮–૦૯ ને નિરોગી બાળ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહયું છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોન ખાતે તરણકુંડની ઉદ્ઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ઝોન ખાતે મહારાણા પ્રતાપ ઉદ્યાનની બાજુમાં તરણકુંડની ઉદ્ઘાટનવિધિ મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના વરદ્હસ્તે તા.૧૮–૦૬–૨૦૦૮નાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે સંપન્ન થઈ.
વરાછા ખાતે સ્થિત તરણકુંડ અંદાજે રૂા.ર.૮૦ કરોડના ખર્ચે ૫૩૦૦ ચો. મી.ના ક્ષેત્રફળવાળુ ઓલોમ્પીક સાઈઝનું ૨૫.૦૦ × ૫૦.૦૦ મીટર, ઉંડાઈ ૧.૨૦ મી. થી ૩.૮૫ મી., ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સોમેશ્વરા, એન્કલેવ સોસાયટીના રહીશોની ફરીયાદ દુર કરવા મહાનગરપાલિકા અને સુડા નો પ્રયાસ

વેસુ ટી.પી.૧ માં સુરત મહાનગરપાલિકા દ્વારા ૨ મીટર ડાયાના પાણીના પાઈપો નાંખી વરસાદી પાણીના નિકાલની કામગીરી કરવામાં આવેલ છે. આ લાઈન હયાત રસ્તાની મધ્યમાંથી પસાર કરી, ટ્રેન્ચ રી–ફીલીંગ કરી તથા વોટરીંગ કરી રોડ બનાવવાની કામગીરી કરતાં, કામગીરીની શરૂઆતમાં જ પડેલ વરસાદને કારણે રોડ ઉપર વાહનોની અવરજવર સદંતર બંધ થઈ જતાં સોમેશ્વરા એન્કલેવ સોસાયટીના રહીશો પારાવાર મુશ્કેલીમાં મુકાઈ ગયેલા. આ રોડને તાત્કાલિક વપરાશ યોગ્ય બનાવવા સોસાયટીના કમિટિ મેમ્બરોએ રજુઆત કરતાં સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીએ આ રોડને વપરાશમાં લેવાય તેવો કરતાં સુડાના મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રીને તા.૧૫–૦૬–૨૦૦૮ ના રોજ સવારે સુચના આપેલ હતી. સુડા તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ સ્થળ મુલાકાત લઈ તાત્કાલિક કામગીરી શરૂ કરવા સુચના આપેલ. આ રોડની કામગીરી યુધ્ધના ધોરણે ચાલુ કરી દેવામાં આવેલ. વરસાદી પાઈપ લાઈનની ટ્રેન્ચમાં જરૂરીયાત મુજબનો ૩ થી ૪ ફુટ ઉંડાઈમાં, ૧૦ ફૂટ પહોળાઈ તથા ૨૫૦ મીટર લંબાઈમાં હાર્ડમુરમ તથા મેટલ નાંખી પુરાણની કામગીરી જે.સી.બી, ટ્રેકટરો વિગેરે કામે લગાડી પૂર્ણ કરવામાં આવેલ છે.

સોમેશ્વરા, એન્કલેવ સોસાયટીના સેક્રેટરી શ્રી પ્રવિણભાઈ પટેલ તથા અન્ય કમિટિ મેમ્બરોએ યુધ્ધના ધોરણે હાથ ધરાયેલ કામગીરીની સરાહના કરી. મ્યુ.કમિશ્નરશ્રી તથા સુડાના મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રીનું આભાર વ્યકત કરેલ.

TOP

## નોર્થ ઝોન ( કતારગામ ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ પ્રીલીમનરી ટી. પી. સ્કીમ નં.૨૫ (સીંગણપોર – ટુંકી) ફા. પ્લોટ નં.૩૦, તથા રે. સ. નં.૧૫૦ વાળી જગ્યામાં સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરવામાં આવેલ નંદનવન સોસાયટીમાં હઈફઈ.ઈ વાળા ભાગમાં પ્લોટ નં.૧૪૭ના મિલકતદાર દ્વારા કરવામાં આવેલ દિવાલો તથા સ્લેબ સહિતનું અને પ્લોટ નં.૧૪૮ના મિલકતદાર દ્વારા કરવામાં આવેલ પ્લીન્થ લેવલ સુધીનું બાંધકામ મળી અંદાજે કુલ ૧૫૦૦ ચો. ફુટનું બાંધકામ મે.કમિશનરશ્રીની સૂચના મુજબ તા.૧૬–૦૬–૨૦૦૮નાં રોજ નોર્થઝોન (કતારગામ)ના શહેર વિકાસ ખાતાના તથા દબાણ ખાતાના સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન (વરાછા) માં ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૩૪ (મગોબ–ડુંભાલ) માં રીઝર્વેશન પ્લોટ તેમજ સી.ઓ.પી.માં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ ડીમોલીશન

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) ના ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૩૪ (મગોબ–ડુંભાલ) માં રીઝર્વેશન પ્લોટ નં. આર/૧૫ સેલેબલ કોર્મશીયલ હેતુ માટેના અનામત પ્લોટમાં શ્રી ભીખાભાઈ બાબુભાઈ લીંબાચીયા દ્વારા આશરે ૧૪' × ૩૬' એટલે કે કુલ –૫૦૪ ચો. ફુટના માપ વિસ્તારમાં આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ સહિતનું ચણતરની દિવાલો સહિતનું ગ્રાઉન્ડ ફલોરનું કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ જમીન દોસ્ત કરવામાં આવેલ તથા સદર પ્લોટમાં આવેલ ઝુંપડાઓ દુર કરી રીઝર્વેશન પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ છે. આ ઉપરાંત ટી.પી. સ્કીમ નં. ૩૪ (મગોબ–ડુંભાલ), ફા.૨૭ /બી લાભુબાનગર સોસાયટીના કોમન પ્લોટમાં આશરે ૧૦'×૩૦' ના માપ વિસ્તારમાં એટલે કે ૩૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં બનાવવામાં ગેરકાયદેસર પ્લીન્થનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત ડીમોલીશન ની કાર્યવાહી અંગેના દબાણખાતાના સ્ટાફ પૂર્વઝોન (વરાછા) ના જાહેર ખાતાના સ્ટાફ દ્વારા જે.સી.બી. મશીનની મદદથી સફળ રીતે પાર પાડવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની યોજાયેલ મીટીંગ



વાવાઝોડા, ભારે વરસાદ, પૂર અને અન્ય કુદરતી તેમજ માનવ સર્જીત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/ સહાયકાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા /સહાય પૂરી પાડશે તે સુનિશ્ચીત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર તા.૧૭/૦૬/૨૦૦૮ મંગળવારના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે ગાંધીસ્મૃતિ ભવન ખાતે રાખવામાં આવેલ મીટીંગના આરંભે ડે.કમિશનર(સ્પે.) શ્રી દ્વારા ઉપસ્થિત તમામનું સ્વાગત કરી મીટીંગના આયોજનના હેતુની રૂપરેખા આપવામાં આવી.

ત્યાર બાદ ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન મંડળ( નકમોબ ) દ્વારા તૈયાર કરવામાં આવેલ '' અતિ ભલો નહિ મેહુલો '' નામક માહિતી દર્શક ફિલ્મનું નિર્દેશન કરવામાં આવ્યું જેમાં પૂરની આગાહી મળે તે વખતે લેવાના સાવચેતીના પગલાંની વિગતો સમાવવામાં આવેલ છે. જે પૂર્ણ થતા મા. કમિશનરશ્રી દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરી શહેરમાં નદી પુર, ખાડી પુર તથા ભારે વરસાદની પરિસ્થિતિ માં પાણીના ભરાવા તે અંગેના સંભવિત અસરો, અસરગ્રસ્ત વિસ્તારની માહિતી વિગેરેનું નિર્દેશન કરવમાં આવ્યું આસી.કમિશનરશ્રીએ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ પૂર્વ તૈયારી જેવી કે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લનાની વિગતો અદ્યતન કરી મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ પૈકી કોણ, કયાં, શું કામગીરી કરશે તેની નિશ્ચીત કરવામાં આવેલ વિગતો, ફલડગેટ–વાહનો–મશીનરીઓ–જનરેટર સેટ વિગેરેના સર્વિસીંગ /મેઈન્ટેનન્સ તથા ઓપરેશનની કામગીરી, જરૂરી મટીરીયલ નો સ્ટોક, ઝોન કક્ષાએ ઈલેકશન વોર્ડવાર તૈયાર કરવામાં આવેલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા તે અંગે મ્યુનિ.સભ્યશ્રી, પદાધિકારીરીઓ, મહનગરપાલિકાના સ્ટાફ, વોલન્ટીયર્સ, યુ.સી.ડી.– આંગણવાડીના કાર્યકરો વિગેરેને આપવામાં આવેલ જાણકારી / તાલીમ ઉપરાંત નીચાણવાળા વિસ્તાર, રાહત કેન્દ્ર, વધારાની જરૂરિયાત તેમજ હેવી વ્હીકલ /મશીનરી પુરી પાડનાર સંસ્થાની યાદી તૈયાર કરવા સહિત કરવામાં આવેલ વિવિધ કામગીરીનું નિર્દેશન કર્યુ. ત્યારબાદ સુરત મહાનગરપાલિકા દ્વારા '' સ્ટ્રોર્મ ડ્રેઈન ઓગમેન્ટેશન '' ની કરવામાં આવેલ કામગીરીની વિગતો કાર્યપાલક ઈજનેર શ્રી ડી.સી. ગાંધીએ દર્શાવી.

પ્રેઝન્ટેશન પૂર્ણ થતાં ઉપસ્થિત સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારો દ્વારા મહાનગરપાલિકાના કાર્યોમાં સંપૂર્ણ સહકારની ખાતરી આપી.

- લોકોને બહોળા પ્રમાણમાં સાચી / પૂરતી માહિતી મળે તે માટે વ્યવસ્થા ગોઠવવી જોઈએ.
- મેડીકલ એસોસીએશનના સહકારથી રીલીફ સેન્ટરો ખાતે સેવા મેળવવી જોઈએ.
- સાયરનો મુકવાના સ્થળોની સંખ્યા વધારવી જોઈએ અને ખાસ કરીને નીચાણવાળા વિસ્તારની આસપાસ સાયરનો મુકવી જોઈએ જેવા

મહત્વપૂર્ણ અને આવકારદાયક સૂચનો કરવામાં આવ્યા અને તે સંદર્ભે કમિશનરશ્રી,મા.ડે.મેયરશ્રી દ્વારા પ્રતિભાવ તથા પ્રસંગોચીત વ્યકતવ્ય રજુ કરવામાં આવ્યું તેમજ મા.નેતાશ્રી, શાસકપક્ષ દ્વારા પોતાનો પ્રતિભાવ તેમજ આભાર વ્યકત કરવામાં આવ્યો.

ઉપરોકત કાર્યક્રમમાં મા.ડે.મેયર શ્રમતી કૌશિકાબેન દેસાઈ, મા.અધ્યક્ષશ્રી (સ્થાયી સમિતિ ) શ્રી મુકેશભાઈ દલાલ, નેતાશ્રી, શાસકપક્ષ શ્રી જગદીશભાઈ પટેલ, કમિશનરશ્રી કુ.એસ અપર્ણા, ડે.કમિશનર (સ્પે.) શ્રી પી.જે.ઝાલા, ડે.કમિશનર (જન.) શ્રી મહેશ સીંગ, ડે.કમિશનર (હે. અને હો.) ડી.આઈ.સી.પટેલ, ડે.કમિશનર(પ. અને ઈ.) શ્રી સી.જે.ગામીત, એડી.સીટી ઈજનેર શ્રી વી.ડી.પટેલ,આસી.કમિશનર શ્રી સી.વાય ભટ્ટ તેમજ ઝોનલ ચીફશ્રી /કાર્યપાલક ઈજનેરશ્રીઓ ઝોનના સદર કામગીરીને સંલગ્ન સ્ટાફ સાથે હાજર રહયા હતા. આ ઉપરાંત નામી સ્વૈચ્છિક સંસ્થાઓ સેવા સેતુ ટ્રસ્ટ, સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ, સુરત સીટીઝન કાઉન્સીલ, સુરત રકતદાન કેન્દ્ર, સુરત હાલાઈમેમણ જમાત વિગેરેના હોદ્દેદારો/પ્રતિનિધિઓ તથા શહેરના અગ્રગણી નાગરિકો હાજર રહયા હતા.

TOP

## નોર્થ ઝોન ( કતારગામ ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ પ્રીલીમનરી ટી. પી. સ્કીમ નં.૨૫ (સીંગણપોર – ટુંકી) ફા. પ્લોટ નં.૩૦, તથા રે. સ. નં.૧૫૦ વાળી જગ્યામાં સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરવામાં આવેલ નંદનવન સોસાયટીમાં હઈફઈ.ઈ વાળા ભાગમાં પ્લોટ નં.૧૪૭ તથા ૧૪૮ ના મિલકતદાર દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ તા.૧૬/૦૬/૦૮ના રોજ કુલ ૧૫૦૦ ચો. ફુટ દુર કરવામાં આવેલ છે. જયારે બાકી રહેલ હઈફઈ.ઈ દક્ષિણ–પૂર્વ તરફના સબ પ્લોટ નં.૧૪૬ મિલકતદાર દ્વારા કરવામાં આવેલ ૧૦૦૦ ચો.ફુટનું બાંધકામ તા.૧૭–૦૬–૨૦૦૮નાં રોજ નોર્થઝોન (કતારગામ)ના શહેર વિકાસ ખાતાના તથા દબાણ ખાતાના સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ છે.

TOP

# નિરોગી બાળ વર્ષ

બાળકના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારનું આરોગ્ય વિભાગ તથા સુરત મહાનગરપાલિકા સતત ચિંતીત છે. તમામ તમામ બાળક નિરોગી રહે, સલામત રહે, ઈચ્છીત અને તંદુરસ્ત બાળ જન્મ થાય, તમામને મહત્તમ પોષણ મળે, માંદગીની અટકાયત અને આરોગ્યપ્રદ સારવાર મળે, બાળકોને આરોગ્યપ્રદ વાતાવરણ મળે તે માટે વર્ષ ૨૦૦૮–૦૯ ને નિરોગી બાળ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહયું છે.

નિરોગી બાળ વષ અભિયાનના સુરત ઝોનનો શુભારંભ સમારોહ રાજયનાં મા.મંત્રીશ્રી પંચાયત ગ્રામ, ગૃહ નિમાર્ણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પૂરવઠો અને ગ્રાહકની બાબતો શ્રી નરોત્તમભાઈ પટેલનાં અધ્યક્ષસ્થાને તા.૩૧/૦૫/૦૮ નાં રોજ પંડિત દિન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ સુરત ખાતે યોજવામાં આવેલ હતો. જેનાં મુખ્ય મહેમાન તરીકે શ્રી જયનારાયણ વ્યાસ ઉપસ્થિત રહેલ.

નિરોગી બાળ વર્ષ અંતર્ગત તા.૧૪/૦૫/૦૮ તથા તા.૨૧/૦૫/૦૮ નાં રોજ સુરત મહાનગરપાલિકા ખાતે આરોગ્ય વિભાગનાં તમામ મેડિકલ ઓફિસરો ને સુરત શહેરનાં નામાંકિત બાળરોગ નિષ્ણાંત શ્રી ડૉ.દિગંતશાસ્ત્રી તથા અન્ય તજજ્ઞો ધ્વારા નવજાત શિશુ સંભાળ –માંદુ નવજાત શીશુ સંભાળ તથા સ્તનપાન જેવી બાબતો અંગે માર્ગદર્શન તથા વિસ્તૃત જાણકારી અંગેની બે તાલીમ આપવામાં આવેલ છે. તદપરાંત ઉપરોકત વિષય અંગેની ટ્રેનિંગ આરોગ્ય વિભાગના લગભગ ૭૦ ફિલ્ડ સ્ટાફને આપવામાં આવેલ હતી.

" નિરોગી બાળ વર્ષ" અન્વયે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા મે માસ દરમ્યાન જુદા જુદા ઝોનમાં આવેલા અર્બન હેલ્થ સેન્ટર ધ્વારા સ્લમ વિસ્તારમાં કુલ ૯ બાળ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ૩૭ ચાઈલ્ડ હેલ્થ કેમ્પ, ૫૦ મેટરનલ હેલ્થ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ચાઈલ્ડ હેલ્થ કેમ્પમાં ૨૧૩૯ બાળકોનું ચેકઅપ કરવામાં આવેલ તથા મેટરનલ હેલ્થ કેમ્પમાં ૧૨૩૭ માતાઓ (સગર્ભા) ની તપાસ કરવામાં આવેલ. ૮૭૧ બાળકોનું રસીકરણ કરવામાં આવેલ. આ ઉપરાંત ૫૧૫૮૧ પોષણયુકત ફુડપેકેટનું વિતરણ કરવામાં આવેલ.

ઉપરોકત કેમ્પમાં અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર અને બાળરોગ નિષ્ણાંત તથા સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા બાળકો સ્વાસ્થ્ય અંગેની તપાસ, રોગ નિદાન, પ્રાથમિક સારવાર તેમજ માતાઓ, પ્રસુતાઓની તપાસ, પાણી જન્ય રોગો તેમજ પાણી સંલગ્ન રોગોની વિસ્તૃત જાણકારી આપતા પ્રદર્શન નું આયોજન કરવામાં આવેલ. સગર્ભા માતાઓને લોહ તત્વની ઉણપ અંગે ની જાણકારી તેમજ આર્યન ફોલિક એસિડ જેવી દવા તથા પૌષ્ટિક આહાર અંગેની જાણકારી આપવામાં આવેલ. આ ઉપરાંત આંગણવાડી માં સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ રમત ગમતની હરીફાઈ નું આયોજન કરવામાં આવેલ.

ચાલુ વર્ષ દરમ્યાન હાલમાં કાર્યરત તમામ અર્બન હેલ્થ સેન્ટર તેમજ મેટરનીટી હોમ, મોબાઈલ ડિસ્પેન્સરી, મસ્કતી ઘર્માદા હોસ્પિટલ તેમજ સ્મીમેર હોસ્પિટલમાં ઈનડોર તેમજ આઉટ ડોર દર્દી તરીકે આવનાર તથા દાખલ થનાર સગર્ભા, પ્રસુતા સ્ત્રીઓ અને પાંચ વર્ષ થી નીચેની ઉમરના બાળકોને તા.૩૧/૦૩/૨૦૦૯ સુધી તમામ પ્રકારની મેડિકલ સારવાર, લેબોરેટરી પરીક્ષણની સેવા વિના મુલ્યે પુરી પાડવામાં આવનાર છે.

રાજય સરકારના દ્વારા માતા મરણ નો દર ઓછો કરવા માટેની ચિરંજીવી યોજના અંતર્ગત સુરત શહેરના ૬૮ નામાંકિત સ્ત્રીરોગ નિષ્ણાંત ડોકટરો એ કરારનામું કરીને તેમના દ્વારા ૧૦૯૧ ડિલીવરી કરાવવામાં આવેલ છે.

TOP

## વરાછા ઝોન ખાતે તરણકુંડની ઉદ્ઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ઝોન ખાતે મહારાણા પ્રતાપ ઉદ્યાનની બાજુમાં તરણકુંડની ઉદ્ઘાટનવિધિ મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના વરદ્હસ્તે તા.૧૮–૦૬–૨૦૦૮નાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે સંપન્ન થઈ.

વરાછા ખાતે સ્થિત તરણકુંડ અંદાજે રૂા.૨.૮૦ કરોડના ખર્ચે ૫૩૦૦ ચો. મી.ના ક્ષેત્રફળવાળુ ઓલોમ્પીક સાઈઝનું ૨૫.૦૦ × ૫૦.૦૦ મીટર, ઉંડાઈ ૧.૨૦ મી. થી ૩.૮૫ મી., ૨૭ લાખ લીટરની ક્ષમતાવાળુ, એડમીનીસ્ટ્રેટીવ બિલ્ડીંગ, બે કલોઝ શાવર રૂમ (ટોયલેટ બ્લોક સહિત), એક ઓપન શાવર રૂમ, ૨૪– શાવર, બે ચેઈન્જ રૂમ/લોકર રૂમ, સ્ટોર રૂમ (ફસ્ટ ફલોર), ઓફીસ રૂમ, ફોયર, ફીલ્ટરેશન પ્લાન્ટ રૂમ, પ્રેશર ફીલ્ટર, ૪–પંપ, એર બ્લોઅર, કલોરીનેશન સીસ્ટમ, એલમ ડોઝીંગ ઈકવીપમેન્ટ, સોડા એસ. ઈકવીપમેન્ટ, ૨–ડાઈવિંગ બોર્ડ ફાઈબર ગ્લાસ લેમીનેશન સાથે "ઈન્ડીયા ફીલ્ટર", ૨૭ ઓપન શાવર, ૧૦ લેઈન ટ્રેક, ૧૦ સ્ટાર્ટર બ્લોક, બેસવા માટે ૨.૫૦ મીટર ડાયાની ૩ નંગ, ૩.૫૦ મીટર ડાયાની ૪ નંગ સીટીંગ અંબ્રેલાની સવલતનો સમાવેશ કરવામાં આવેલ છે. આ તરણકુંડની સવલત પ્રાપ્ત થવાને કારણે વરાછા વિસ્તારના પ્રજાજનોને ઘરઆંગણે તરણકુંડની સવલત મળેલ છે જેનો ઉપયોગ કરી તેઓનું આરોગ્ય જાળવણીમાં મદદરૂપ થશે.



આ પ્રસંગે અતિથિવિશેષ શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈ, મા. ડે. મેયરશ્રી, શ્રી મુકેશભાઈ દલાલ, મા. અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, ડો.જગદીશભાઈ પટેલ, મા. નેતાશ્રી, શાસક પક્ષ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, એસ. અપર્ણા, કમિશનરશ્રી, વિભાગીય વડાશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા કર્મચારીગણ તેમજ વિશાળ જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

TOP